### અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ આડેધડ અપાયેલ

# ડાયવર્ઝન અકસ્માત ઝોન બની રહેતા રાજેન્દ્ર ચોકડી પર ચક્કાજામ

દિલ્હીથી મુંબઈને જોડતો, અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ સિક્સલેન બનાવવાનું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું છે પરંતુ હાઈવે ઑથોરિટી દ્વારા આડેધડ ડાયવર્જન આપવામાં આવતા ગમખ્વાર અકસ્માતમાં નોંધપાત્ર વધારો થવાની સાથે અનેક નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ મોતને ભેટતા પ્રવર્તી રહ્યો છે દેવદિવાળીના દિવસે દાવલી પાટિયા નજીક ડાયવર્જન પગલે ટ્રક-કન્ટેનર ચાલક અને રીક્ષા ચાલક ગફલત ખાઈ જતા ગમખ્વાર અકસ્માતમાં ૪ લોકોએ જીવ ગુમાવવો પડતા સતત થતા અકસ્માતમાં નાની-મોટી ઈજાઓ પહોંચતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

અમદાવાદ-ઉદેપુર ને.હાઈવે.નં-૮ પર અપાયેલા ડાયવર્જનમાં વાહનચાલકોની સલામતી નેવે મૂકી દેવામાં આવતા હિંમતનગર-શામળાજી રોડ પર આવેલી રાજેન્દ્રનગર ચોકડી નજીક આજુબાજુના ગામલોકોએ એકઠા થઈ ચક્કાજામ કરી ડાયવર્જન અંગે માર્ગ સલામતીના નિયમો પ્રમાણે દિશા સૂચન બોર્ડ મુકવાની માંગ સાથે રાજેન્દ્રનગર ચોકડી પાસે ચક્કાજામ કર્યો હતો. સતત વાહનોથી ધમધમતા માર્ગ પર ચક્કાજામના પગલે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. મોડાસા રૂરલ પોલીસે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ચક્કાજામ કરનાર લોકો સાથે વાતચીત કરી હાઈવે ઑથોરિટી સાથે રાખી લોકોને સમજાવી ચક્કાજામ દૂર કરવામાં આવતા હાઈવે પર થંભી ગયેલા વાહનવ્યવહારને પૂર્વરત કરવામાં આવ્યો હતો.



ને.હા.નં-૮ પર દિવસ-રાત ભાર વાહક વાહનોની અવર-જવરથી ધમધમી રહ્યો છે. ભાર વાહક ચાલકો બેફામ રીતે અને ગફલતભરી રીતે વાહનો હંકારતા હિંમતનગર-શામળાજી માર્ગ પર રાજેન્દ્રનગર ચોકડી, દાવલી પાટિયા, રાયગઢ અને ગાંભોઈ નજીક વધુ અકસ્માતની ઘટનાઓ બનતા હાઈવે ઑથોરિટી તંત્ર અકસ્માત ઝોન જાહેર કરી સંતોષ માની રહ્યું છે.

# મોડાસા રૂરલ પોલીસે ભાવનગરના બે લબરમૂછિયા યુવાનોને કારમાં વિદેશી દારૂની ખેપ મારતા દબોચ્યા

મેઘરજ, તા. ૧૫

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી ફક્ત કાગળ પર જ દારૂની ખેપ મારતા ઝડપાઈ જેલની હવા ખાઈ ચુક્યા છે.

મોડાસા રૂરલ પોલીસે કરી બંને શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ





અમલવારી બની રહી છે. દારૂબંધીનો ફાયદો ઉઠાવી બુટલેગરો સ્થાનિક પોલીસના નાક નીચે વિદેશી દારૂનો વેપલો કરી દારૂના શોખીનો પાસેથી મનફાવે તેટલા રૂપિયા ખંખેરી રહ્યા છે. વિદેશી દારૂનો વેપલો કરી બુટલેગરો એશોઆરામની જીંદગી દાદાગીરી સાથે રોફ જમાવી જીવતા હોવાથી કેટલાક લબરમૂછિયા યુવકો પણ નશાના કારોબારમાં ઝડપથી નાણાં કમાવવા લલચાઈ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી પોલીસતંત્રના હાથે અનેક લબરમૂછિયા યુવકો

રાજેન્દ્રનગર ચોકડી નજીકથી રાજસ્થાન તરફથી આવતી ઈન્ડિકા વિસ્ટા કાર (ગાડી.નં. જીજે.૦૪.બીઈ.૩૫૨૮)માંથી વિદેશી દારૂની બોટલ નંગ-૯૬ કીં. રૂ.૪૮૦૦૦નો જથ્થો જપ્ત કરી અજય શંકરભાઈ પરમાર અને સિદ્ધાર્થ સતિષભાઈ પરમાર (બંને રહે. તિલકનગર નજીક, ભાવનગર)ને ઝડપી પાડી બંને શખ્સો પાસેથી ઝડપાયેલ મોબાઈલ નંગ-૨ કીં. રૂ.૨૫૦૦/-, રોકડ રકમ-૨૨૦૦ તથા કારની કીં. રૂ.૧૦૦૦૦૦/- મળી કુલ રૂ.૧૫૨૭૦૦/- નો મુદ્દામાલ જપ્ત ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘરજ પી.એસ.આઈ. કે.એસ. સીસોદીયા અને તેમની ટીમે બાતમીના આધારે રાયવાડા ગામના રમેશ હીરાભાઈ ખાંટના ઘરે ત્રાટકી ઘરની બહાર કોથળામાં સંતાડીને રાખેલો વિદેશી દારૂ અને ક્વાંટરીયા નંગ-૨૯૮ કીં. રૂ.૨૯૮૦૦/-નો જથ્થો જપ્ત કરી પોલીસ રેડ જોઈ નાસી છૂટેલા રમેશ હીરાભાઈ ખાંટ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.






મહેસાણા દૂધસાગર ડેરીના સ્થાપક સ્વ. માનસિંહભાઈ પટેલની ૧૦૧મી જન્મ શતાબ્દી સમારોહ સહયોગના ઉપક્રમે મહેસાણા દૂધસાગર ડેરી હોલ ખાતે યોજાયો હતો. આ સમારંભમાં માનસિંહભાઈ પટેલ વિશેની ડોક્યુમેન્ટરી ફિલ્મનું પરથીભાઈ ભટોળના હસ્તે કેસેટનું વિમોચન કર્યુ હતુ તે પ્રસંગની તસ્વીરમાં રાજ્યના પૂર્વ ચીફ સેક્રેટરી પી.કે. લહેરી, વરિષ્ઠ પત્રકાર હરિભાઈ દેસાઈ, પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલ મણીભાઈ પટેલ, વિપુલભાઈ ચૌધરી, દૂધસાગર ડેરી અધ્યક્ષ આશાબેન ઠાકોર, ઉપાધ્યક્ષ માંધજીભાઈ ચૌધરી, સહયોગના ચેરમેન ભરતભાઈ નજરે પડે છે.

# બનાસ ડેરી કર્મચારી મંડળી કામગીરીમાં જિલ્લામાં પ્રથમ ક્રમે

પાલનપુર, તા. ૧૫

એશિયાની સૌથી મોટી ડેરી બનાસ ડેરી કે જે જિલ્લાના સાડા ચાર લાખ દૂધ ઉત્પાદકો સાથે સંકળાયેલી છે. છેલ્લા ચાર વર્ષમાં જેનું ટર્ન ઓવર ૪૫૦૦ કરોડથી વધીને ૧૧૦૦૦ કરોડે પહોંચ્યું છે. એવી દેશ-દુનિયામાં નામાંકિત ડેરી બનાસ ડેરીના કર્મચારીઓની શાખ અને પુરવઠા ગ્રાહક સહકારી મંડળી પણ બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળના જરૂરી માર્ગદર્શન અને સાથ સહકારથી જિલ્લામાં પ્રથમ ક્રમે આવીને બનાસ ડેરીનું નામ રોશન કર્યું છે. ગુજરાત રાજ્ય સહકારી સંઘ આયોજિત રાજ્યમાં પગારદાર કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળીઓ માટે ઉત્તમ કામ કરનાર સ્પર્ધામાં બનાસ ડેરીના કર્મચારીઓની શાખ અને પુરવઠા ગ્રાહક સહકારી મંડળી પ્રથમ સ્થાને આવતા બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ દ્વારા થરા ખાતે આયોજીત અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી સમારોહમાં સંઘના ચેરમેન અણદાભાઈ પટેલના વરદ હસ્તે શિલ્ડ અને પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

પાલનપુર ખાતે વિવિધ જગ્યાએ અમૂલ પાર્લરો, જીવનજરૂરી ચીજવસ્તુઓના બે મોલ અને છૂટક દૂધ વિતરણની વ્યવસ્થા ઉપરાંત મંડળી તેના કર્મચારીઓને પણ ૪ લાખથી લઈ ૧૦ લાખ સુધીની લોન આપી રહી છે. ૧૪૫ કરોડનો વેપાર ધરાવતી મંડળી પાસે ૬૧૧ લાખની સભાસદ બચતો, ૬૩૭ લાખની ફરજીયાત બચતો, ૧૪૩ લાખનું શેર ભંડોળ, ૫૫ લાખ રીકરીંગ થાપણો, ૧૭.૫૦ કરોડની બાંધીમુદત થાપણો અને ૩૪ કરોડનું કરજ ધિરાણ ધરાવે છે. જે છેલ્લા પાંચ વર્ષમાં બમણું થયેલ છે. થરા ખાતે યોજાયેલ અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી સમારોહમાં મંડળીના ચેરમેન ડૉ. હરિભાઈ પટેલ, માનદ મંત્રી મોઘજીભાઈ પટેલ, કમીટી સભ્ય કમલેશભાઈ પટેલ, મેનેજર જીતુભાઈ મોઢ વિગેરે ઉપસ્થિત રહી શિલ્ડ અને પ્રશસ્તિપત્ર સ્વીકાર્યા હતા.

# યાત્રાધામ અંબાજીથી કલવાણા ભૈરવદાદા પદયાત્રા સંઘનો શુભારંભ



અંબાજી

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભારત ભર માંથી પગપાળા યાત્રાળુ ઓ માઁ અંબે ના દર્શને સંઘો અને રથ સાથે આવે છે આવી જ રીતે અંબાજીના સમસ્ત મેવાડ બ્રાહ્મણ સમાજ મંડળ દ્વારા યાત્રાધામ અંબાજી થી રાજસ્થાન કલવાણા ભૈરવદાદાનો ચાલતો સંઘ નીકાળવામાં આવે છે. અને આ સંઘમાં યાત્રાધામ અંબાજીના સમસ્ત મેવાડ બ્રાહ્મણ સમાજના ઘણા બધા શ્રાદ્ધાળુઓ જોડાય છે

આજ રોજ વહેલી સવારે રથને શણગાર કરી અને ભૈરવદાદાની આરતી કરી અને પ્રસાદ વિતરણ કરી અને સમસ્ત નગરજનો દ્વારા આરાધ્ય દેવ ભૈરવદાદાનું ધ્યાન ધરી સંઘનો શુભારંભ કરાયો હતો. આ સંઘ રાજેન્દ્ર નગર સોસાયટીમાં દશામાતાના મંદિરેથી લઈને અંબાજીના મુખ્ય માર્ગો પર ફરી અને રાજસ્થાન જવાના માર્ગો પર વળ્યો હતો આ સંઘ અંબાજી થી રાજસ્થાનના કલવાણા ગામે ભૈરવદાદાના મંદિર સુધી પહોંચતા લગભગ ત્રણ દિવસ લાગે છે અને એ યાત્રાધામ અંબાજીથી કલવાણા લગભગ એકસો પંચાસ કિ.લો મીટરની દૂરી પર છે અંબાજીના સમસ્ત મેવાડ બ્રાહ્મણ સમાજ દ્વારા આ સંઘ નીકાળવામાં આવ્યો હતો.

# ઘોડીયાલમાં પાંચમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



વડગામ,

વડગામ તાલુકાના ઘોડીયાલ ગામમાં પ્રાન્ત કક્ષાનો પાચમા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં સરકાર ની વિવિધ સેવાઓ નો લાભ ઘોડીયાલ, જલોતરા, કરનાળા, સબલપુર, થુવર, મુમનવાસ, ધોરી, મોતીપુરા સહીત ૧૮ ગામોના લોકો સેવા સેતુ કાર્યક્રમ નો લાભ લીધો હતો.વહીવટી તંત્ર દ્વારા સ્થળ ઉપરજ લોકોને આવકના દાખલા, જાતિના દાખલા ક્રિમીનલ, ડોમીસાઈલ સહીતના દાખલા તેમજ પેન્શન યોજના, વિધવા સહાય, મા-અમૃતમ યોજનાના કાર્ડ સહીતની કામગીરી સ્થળ ઉપર કરીને લોકોને મદદરૂપ બન્યા હતા. આ સેવાસેતુ કાર્યક્રમમા જીલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સકસેના, તાલુકા પંચાયત સદસ્ય રમીલાબેન લક્ષ્મણભાઈ ગુર્જર, વડગામ તાલુકા ભાજપ મહામંત્રી રામજીભાઈ બેરા, વડગામ મામલતદાર આર. સી. ઠાકોર, નાયબ પુરવઠા મામલતદાર સતીષભાઈ પંડ્યા, તાલુકા વિકાસ અધિકારી એ. એચ. પરમાર, ઘોડીયાલ સરપંચ મંજુલાબેન મહેન્દ્રભાઈ પંચાલ, કરનાળા સરપંચ નથુભાઈ ચૌધરી, વણસોલ સરપંચ ભીખનખાન ઘાસુરા, જલોતરા સરપંચ મંજુલાબેન માંગજીભાઈ ભીલ તથા આસપાસના ગામોના સરપંચો તલાટીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વડગામ મામલતદાર કચેરીનો સ્ટાફ, તાલુકા પંચાયત સ્ટાફ, આરોગ્ય વિભાગ આઈ સી ડી એસ સહીતનો સ્ટાફ ઉપસ્થિત રહીને લોકોને સરકારની વિવિધ યોજનાઓના લાભ માટેની પણ વિગતવાર માહિતી આપી હતી. અને અંતે સરકારના સેવા સેતુ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સાબરકાંઠા કિસાન સભા દ્વારા આવેદનપત્ર અપાયું

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લામાં આવેલી દૂધમંડળીઓના કર્મચારીઓ બારેમાસ કામ કરે છે અને તેમને કામના પ્રમાણમાં નહીંવત વેતન આપવામાં આવે છે. જેથી આ કર્મચારીઓને સાબરડેરીના કર્મચારીઓ સમકક્ષ ઘણીને તેમને યોગ્ય પગાર આપવો જોઈએ તથા વર્ષોથી રજીસ્ટર્ડ મંડળીઓનુ સંઘના સભાસદ બનાવવા જોઈએ જે અંગે શુક્રવારે હિંમતનગરના રામજી સમર્થ ધર્મશાળા ખાતે યોજાયેલ બેઠક બાદ કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

કિસાનસભા દ્વારા અપાયેલા આ આવેદનપત્રમાં દિનેશભાઈ પરમારે કરેલા ઉલ્લેખ મુજબ જિલ્લામાં આવેલી દૂધ મંડળીઓના કર્મચારીઓને સાબરડેરીના કર્મચારીઓની સમકક્ષ ગણવા જોઈએ કારણ કે ગામડાઓની આ ડેરીઓનો વહીવટ સાબરડેરી કરે છે.

સરકારે સાબરકાંઠાની જે મંડળીઓને રજીસ્ટર્ડ કરી છે તે મંડળીઓને સાબરડેરીના સભાસદ બનાવવા જોઈએ. છેલ્લા ૩૦ વર્ષથી અનો મંડળીઓ રજીસ્ટર્ડ હોવા છતાં તેમને સાબરડેરીએ સભાસદ બનાવ્યા નથી. જેથી આગામી દિવોસમાં સાબરકાંઠા કિસાનસભા દ્વારા આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી. બેઠક પૂર્ણ થયા બાદ કિસાનસભાના હોદ્દેદારોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી સત્વરે ઘટતી કાર્યવાહી કરવાની માંગ ઉચ્ચારી છે.

# ડીસામાં એકલવ્ય ગ્રુપ દ્વારા દિવ્યાંગ ભવન ખાતે બીરસા મુંડાની જન્મ જયંતીની ઉજવણી

### બિરસા મુંડાએ અંગ્રેજ સેનાને હંફાવી હતી...! : ખેડૂતો પાસેથી લગાન વસૂલતા અંગ્રેજો સામે લડત ચલાવી હતી : એકલવ્ય ગ્રૂપ દ્વારા દિવ્યાંગ ભવન ખાતેના બાળકો સાથે કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી



ડીસા

બિરસા મુંડા એક એવી શખસિયત છે કે જેણે માત્ર ૨૬ વર્ષની ઉંમરમાં પોતાનો જીવ ગુમાવી દીધી હતો પરંતુ આટલી નાની ઉંમરમાં પણ બિરસા મુંડાએ અંગ્રેજો સામે લગાન માટે લડાઈ ચલાવી અંગ્રેજોના નાકમાં દમ લાવી દીધો હતો. આજે બિરસા મુંડાનો જન્મ દિવસ છે રાંચીમાં એક ગરીબ પરિવારમાં જન્મેલા બિરસા મુંડાએ તે સમયે અગ્રેજો દ્વારા ખેડૂતો પર લગાવવામાં આવેલી લગાન દૂર કરવા માટે આદિવાસી લોકો સાથે મળીને મજબૂત લડત ચલાવી હતી અને તીર કામઠા વડે હુમલો કરીને અગ્રેજોનો સેનાને ધૂળ ચાટતી કરી દીધી હતી.પરંતુ ત્યારબાદ અગ્રેજોએ સમાધાનના ભાગરૂપે છળકપટ કરીને બિરસા મુંડાની અટકાયત કરી દીધી હતી અને જેલમાં જ બિરસા મુંડાનું માત્ર ૨૬ વર્ષની ઉંમર રહસ્યમય સંજોગોમાં મોત નીપજયું હતું.. અને તેમના મૃત્યુ બાદ ભારત સરકારે પણ તેમના નામથી ૬૦ પૈસાની પોસ્ટલ ટિકિટ છાપી હતી.. અને ભારતીય સેનાની બિહાર બટાલિયન પણ જયશ્રી હનુમાનની સાથે સાથે જયશ્રી બિરસા મુંડાનો નારો લગાવે છે. ત્યારે આજે આ મહાન યોધ્ધાના જન્મદિવસ પ્રસંગે ડીસામાં કાર્યરત એકલવ્ય ગ્રૂપ દ્વારા ડીસાના દિવ્યાંગ ભવનમાં બિરસા મુંડાના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.. અને દિવ્યાંગ ભવનના દિવ્યાંગ બાળકો સાથે કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી.

ભારત દેશ યોધ્ધાઓનો દેશ છે પરંતુ ઈતિહાસના પન્નામાં બિરસા મુંડા જેવા અનેક યોધ્ધાઑ ભૂલતા જઈ રહ્યા છે ત્યારે આવા યોધ્ધાઑના ઈતિહાસને ભારતના શિક્ષણમાં સ્થાન આપવામાં આવે તો ભારતની આવનારી પેઢીને પણ ભારતના સપૂતોના પરાક્રમની સમજણ મળી શકે.

# પાલનપુરમાં કોંગ્રેસ દ્વારા જનવેદના આંદોલન : રેલી અને સભા યોજી ભાજપ સામે વિરોધ નોંધાવ્યો

બનાસકાંઠા જીલ્લા કોંગ્રેસ દ્વારા બુધવારે પાલનપુરમાં જન વેદના આંદોલન અંતર્ગત જાહેર સભા કરી ભાજપ સરકાર સામે વિરોધ કરવામાં આવ્યો હતો.ત્યારબાદ રેલી યોજવામાં આવી હતી. જેમાં કોંગી અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ દ્વારા બુધવારે પાલનપુરમાં જન વેદના આંદોલન અંતર્ગત કોઝી વિસ્તારમાં જાહેર સભા યોજવામાં આવી હતી.જેમાં કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરો હાજર રહી ભાજપ સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર બોલી વિરોધ નોધાવ્યો હતો.તેમજ ડુંગળીના હાર પહેરી ગેસની બોટલની પ્રતિકૃતી સાથે કોઝીથી સિમલા ગેટ પહોચી ડો.બાબાસાહેબ આંબેડકરના બાવલાને ફુલહાર કરમાં આવ્યા



હતા. દિલ્હીગેટ સુધી રેલી યોજવામાં આવી હતી.જેમાં વિરમગામના ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ,જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી,પાલનપુર ધારાસભ્ય મહેશભાઈ પટેલ,ગોવાભાઈ દેસાઈ,જિલ્લા પંચાયત પ્રમુખ પિનાબેન ધાડીયા,લક્ષ્મીબેન કરેણ સહીત મોટી સંખ્યામાં કોંગ્રેસ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# કમોસમી વરસાદથી ખેતીમાં નુકશાનના સર્વેમાં પોલંપોલ ખેડૂતોને અન્યાય : ધવલસિંહ

બાયડ, તા. ૧૫

બાયડ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય અને તાજેતરમાં યોજાયેલી બાયડ વિધાનસભાની ખેતીમાં સારો પાક મળે તેવી આશાએ ખેતી કરનાર ખેડૂતોની હાલત હાલ દયનિય બની છે. સારા વરસાદ પછી કમોસમી કાર્યવાહી કરવામાં આવેની માંગ સાથે ફરીથી બાયડ તાલુકામાં કમોસમી વરસાદમાં થયેલા નુકશાન અંગે રીસર્વેની માંગ




પેટા ચૂંટણીમાં ભાજપ તરફથી ધારાસભ્ય તરીકે જંપલાવનાર અને હારનો સામનો ધવલસિંહ ઝાલાએ બાયડ તાલુકામાં ખેતીના નુકશાન કરવામાં ખેતીવાડી વિભાગના બેદરકારી દાખવવામાં આવી હોવાનો આક્ષેપ કરી ખેડૂતોને સરકાર તરફથી સહાય મળી શકે તેમ ન હોવાથી પ્રાંત અધિકારી બાયડને આવેદનપત્ર આપી ખેડૂતોને ન્યાય અપાવવાની માંગ કરી હતી.

ગુજરાતમાં સારા વરસાદની આશાએ મોંઘાદાટ બિયારણ સહિતના ખર્ચાઓ કરી વરસાદે અને વાવાઝોડાએ ખેડૂતોના મહામુલા પાકનો સોથ વાળી દેતા ખેડૂતો દેવાના ડુંગર તળે દટાયા છે. રાજ્ય સરકારે કમોસમી વરસાદમાં નુકશાન ભરપાઈ કરવા માટે ખેફૂટો માટે ૭૦૦ કરોડ રૂપિયા ફાળવણી કરી છે ત્યારે બાયડ તાલુકામાં કમોસમી વરસાદ પછી પાક નિષ્ફળ જતા ખેતીવાડી વિભાગ તરફથી સર્વેની કામગીરીમાં વેઠ ઉતારવામાં આવી હોવાની સાથે કેટલીક જગ્યાએ તો ઘરે બેઠા બેઠા અધિકારીઓએ સર્વે કર્યો હોવાથી આવા અધિકારીઓ સામે સાથે બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી ખેડૂતોના હિતમાં કામગીરી કરવામાં આવેની માંગ કરી હતી.

એક બાજુ કોંગ્રેસ અને ખેડૂતોના વિવિધ સંગઠનો ખેડૂતોને સરકારે જાહેર કરેલી સહાય લોલીપોપ ગણાવી રહ્યા છે બીજીબાજુ બાયડ પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા સરકારી એજન્સીના લીધે ખેડૂતોને અન્યાય થઈ રહ્યો હોવાનો સૂરમાં સુર પુરાવી રહ્યા હોય તેવું દ્રશ્ય ઉભું થઈ રહ્યું છે.

# ગામડી અને રોજડ પાસેથી ૩.૫૪ લાખનો દારૂ અને બિયર પકડાયો

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને તલોદ તાલુકામાંથી એલસીબીએ બાતમીને આધારે ગુરૂવારે રાત્રે અંદાજે રૂ. ૩.૫૪ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે રૂ. ૧૮ લાખથી વધુના મુદ્દામાલને કબજે લઈ ૧૪ જણા વિરૂદ્ધ સ્થાનિક પોલીસસ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે એલસીબીમાંથી મળતી માહિતી મુજબ ગુરૂવારે રાત્રે એલસીબીનો સ્ટાફ તલોદ પંથકમાં પેટ્રોલીંગ કરી રહ્યો હતો ત્યારે તેમને એવી બાતમી મળી હતી કે એક સફેદ કલરની નંબર વગરની સ્વીફ્ટ ડિઝાયરમાં દારૂ ભરીને ભીલોડા તરફથી એક ઈસમ નીકળી રહ્યો છે અને તે ગાંભોથી હિંમતનગર તરફ આવી રહ્યો છે જે આધારે એલસીબી ગામડી ગામની સીમમાં વોચ ગોઠવીને વાહનોનું ચેકિંગ હાથ ધર્યુ હતુ. દરમ્યાન બાતમી મુજબ આવી રહેલ કારના ચાલકને પોલીસ ઉભી છે તેવી ખબર પડતા પોતાના વાહનને દૂર ઉભુ રાખીને અંધારાનો લાભ લઈ ચાલક ભાગી ગયો હતો.

ત્યારબાદ પોલીસો આ વાહનની તપાસ કરતા તેમાંથી અંદાજે રૂ. ૫૨,૮૦૦ની કિંમતની દારૂ તથા બિયરની ૪૮૦ બોટલ અને ટીન મળી આવ્યા હતા.